ગાંધીનગર સમાચાર

વંચિતોને મીઠાઈ વહેંચી
અરુણોદય ટ્રસ્ટે ઉજવી દિપાવલી

## @ગાંધીનગર

● માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા ઘ-૪ સર્કલે સવારે ૭.૩૦ કલાકે પુસ્તક પરબનો કાર્યક્રમ યોજાશે.

● ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા નશાબંધી તથા બેરોજગારી જેવી સમસ્યાઓના ઉકેલ માટે સે-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૯ કલાકે ઉપવાસ આંદોલન કરશે.

● ગાંધીનગર વિપશ્યન ગૃપ દ્વારા ધો-૫ થી૧૨ના બાળકો માટે સે-૭-સીમાં પ્લોટનં. ૧૭૨/૨ શર્મા હાઉસ ખાતે સવારે ૯.૩૦ કલાકે વિપશ્યના ધ્યાન સાધના શિબિર યોજાશે.

● આદિશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા સે-૩-ડી દેરાસર ખાતે સ્વ. જયોત્સનાબેન શાહના આત્મશ્રેયાર્થે અંતરાકર્મની પૂજા સવારે ૯ કલાકે યોજાશે.

# એમને કયાંથી મળશે માના ચરણોનું સ્વર્ગ, જેમને ઘરમાં દિકરી પસંદ નથી

**દેશમાં મહિલાઓને યોગ્ય સન્માન મળે તે માટે તથા બેટી બચાવો-બેટી ભણાવોના સંદેશ સાથે છેક લખનૌથી ગાંધીનગર ત્રણ પદયાત્રીઓ પગપાળા આવ્યા : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતૃશ્રી હીરાબાના આશીર્વાદ લઈ ગાંધીઆશ્રમ ખાતે પદયાત્રા સંપન્ન કરી**





ગાંધીનગર, તા.૫

'ઉન્હે કૈસે મિલેગી માંકે પૈરો કી જન્નત, જિન્હે અપને ઘરોં મે બચ્ચીયાં અચ્છી નહીં લગતી.' છેક ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌથી ગાંધીનગર સુધી 'બેટી બચાવો, બેટી પઢાવો'નો સંદેશ લઈને પગે ચાલતા આવેલા ત્રણ પદાયાત્રીઓમાંના એક એડવોકેટ નૃપેન્દ્ર પાંડેયે જયારે આ પંકિતઓ પત્રકારો સમક્ષ ઉચ્ચારી ત્યારે માત્ર તેમની આંખોમાંથી અશ્રુધારા નહી પરંતુ ઉપસ્થિત તમામની આંખોમાં પણ ઝળહળીયા આવી ગયા હતા. ભારતમાં મહિલાઓના સન્માન માટેના સંકલ્પ સાથે લખનૌથી 'માં તુઝે સલામ' પદયાત્રા યોજી ત્રણ પદયાત્રીઓ નૃપેન્દ્ર પાન્ડેય, દિલીપ દ્વિવેદી અને મનિષ જયસ્વાલે આજે ગાંધીનગર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતૃશ્રી હીરાબાને મળી તેમના આશીર્વાદ પ્રાપ્ત કરી ત્યાંથી સાબરમતી ગાંધીઆશ્રમ ખાતે જઈ પદયાત્રા સંપન્ન કરી હતી.

બેટી બચાવો-બેટી ભણાવો, નિયોજિત પરિવાર-ખુશહાલ પરિવાર, સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત, સમૃધ્ધ ભારત-વૈભવશાળી ભારત, પ્રદૂષણ રહિત પર્યાવરણ, વૃક્ષારોપણ તથા દેહદાન જેવા ઉમદા આદર્શોને પ્રસ્થાપિત કરવાના હેતુથી ઉત્તરપ્રદેશના લખનૌના ત્રણ યુવાનો નૃપેન્દ્ર પાન્ડેય, દિલીપ દ્વિવદી અને મનિષ જયસ્વાલે 'મા તુઝે સલામ' શિર્ષક સાથે સાબરમતી આશ્રમ સુધીની પદયાત્રા આજે પૂર્ણ કરી હતી. માત્ર પોતાની માતાની લાગણીઓ અને અંતરના અવાજના સથવારે આ ત્રણેય મિત્રોએ આ અનોખી પદયાત્રા પરિપૂર્ણ કરી સમાજને દર્પણ દેખાડયું છે. આ પદયાત્રામાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતૃશ્રી હીરાબાના આશીર્વાદ લેવાની નેમ રાખી હતી જે પણ આજે તેમણે પુરી કરી છે. ગાંધીનગરના વકીલોના બાર એસોસિએશન દ્વારા સર્કીટહાઉસ ખાતે આ યુવાનોનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી અત્યંત પ્રભાવિત આ પદયાત્રીઓએ સમાજમાં મહિલાઓને યોગ્ય સન્માન મળે તે હેતુથી આ પદયાત્રા કરી હતી અને સાથે કોઈ પણ જાતની સાધન સુવિધા વિના તેમણે અત્યંત કઠીન રસ્તાઓ અને અસંખ્ય મુશ્કેલીઓને હસતે મોંઢે પાર પાડી પદયાત્રા પૂર્ણ કરી હતી. ત્રણેય યુવાન હીરાબાના આશીર્વાદ મેળવી અત્યંત રોમાંચિત થયા હતા તેમણે ગુજરાત તથા ગુજરાતીઓના વખાણ કર્યા હતા. ત્રણેય પદયાત્રીઓનું ભારતીય પ્રવાસી પરિષદના પ્રમુખ અરૂણસિંહ રાજપુત, ગાંધીનગર બાર એસોસીએશનના પ્રમુખ જગદીશસિંહ વાઘેલા તથા જાણીતા એડવોકેટ અને સામાજિક કાર્યકર પ્રદિપસિંહ વાઘેલા સહિત અગ્રણીઓએ સ્વાગત સન્માન કર્યું હતું અને બિરદાવ્યા હતા.

## વાતવાતમાં

● ઠાકોર ક્ષત્રિય એકતા મંચના ઉપવાસ આંદોલનને પગલે ગાંધીનગરમાં રવિવારે માનવ મહેરામણ ઉમટશે તેવી શકયતાઓ છે. ઉપવાસ આંદોલનના આયોજકો દ્વારા આંદોલનમાં આવનારા કાર્યકરો માટે બે ટ્રક ભરીને પાણીના પાઉચની વ્યવસ્થા કરવામાં આવી છે.

● ગાંધીનગરના જુના અને નવા સચિવાલયમાં એન્ટી કરપ્શન બ્યુરોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હોવાના સમાચાર ટીવી પર પ્રસારિત થતા જ સરકારી કર્મચારીઓ સતર્ક થઈ ગયા હતા. ઘણા કર્મચારીઓએ તો પોતાના લાગતા વળગતાઓને તુરંત ફોન કરી સાવચેત રહેવા જણાવી દીધું હતું.

● ટીંટોડા ગામનો એક માત્ર આઠ વર્ષનો માનસિક દિવ્યાંગ બાળક રખડતો રખડતો કોલવડા પહોંચી ગયો હતો. આ બાળકને પોલીસે સહી સલામત ટીંટોડા ગામે તેના ઘરે પહોંચાડી દીધો હતો.

● ગુજરાત ટેકનિકલ યુનિ.-જીટીયુની પરીક્ષાઓ નજીકના સમયમાં જ લેવાનાર છે. જો કે હજુ સિલેબસ પુરો થયો નથી ને પરીક્ષા આવી પહોંચતા જીટીયુના વિદ્યાર્થીઓ ચિંતામાં મુકાયા છે.

● જુનાગઢ ખાતે કારતક માસમાં પવિત્ર ગિરનારની પ્રદક્ષિણાનું ખૂબ અનેરું મહત્વ છે. આ પરિક્રમા કરવા ગાંધીનગરમાંથી અનેક પરિવારો જુનાગઢ જવા રવાના થયા છે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગાંધીનગર ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજશે

ગાંધીનગર, તા.૫

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત-ગાંધીનગર દ્વારા નૂતન વર્ષના અભિનંદન પાઠવવા એક વિશેષ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્નેહમિલન કાર્યક્રમમાં વરિષ્ઠ સભ્યોનું સન્માન પણ કરવામાં આવશે. કાર્યક્રમ તા. ૭-૧૧-૨૦૧૬ સોમવારના રોજ ડૉ. આંબેડકર હોલ, સે-૧૨, ગાંધીનગર ખાતે બપોરે ૩.૦૦ વાગે યોજાશે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા માટે એસોસિએશનના મંત્રી તરફથી સૌ સભ્યોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## વંચિતોને મીઠાઈ વહેંચી અરુણોદય ટ્રસ્ટે ઉજવી દિપાવલી



ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની અરુણોદય સેવા ટ્રસ્ટે વંચિતોને મીઠાઈ વહેંચી દિપાવલી અનોખી રીતે ઉજવી.

શહેરમાં રહેતા અને પોતાના વતનમાં ન જઈ શકયા હોય તેવા જરૂરતમંદ વંચિતોને શ્રી અરુણોદય સેવા ટ્રસ્ટના સૌજન્યથી ઝુંપડે ઝુંપડે દિવાળીની ઉજાસ પાથરવા મીઠાઈથી વંચિત લોકોને મળી મીઠાઈ વહેંચવામાં આવી હતી. આ પ્રસંગે અરુણભાઈ બૂચ, જયોત્સના બૂચ, નિસર્ગ બૂચ, ચેતના બૂચ, ધીરુભાઈ નીસરતા સહિત સૌએ મીઠાઈ વહેંચી દિવાળીની ઉજવણી કરી હતી.

આ સેવા કાર્યમાં મોટી સંખ્યામાં સે-૨૦, ૨૧, ૧૧ અને અન્ય વિસ્તારો, માર્કેટમાં રહેતા, રસ્તે રઝળતા વંચિતોને સહારે અરુણોદય સેવા ટ્રસ્ટે સેવાસેતુ બાંધી દિવાળી પર્વની અનોખી ઉજવણી કરી હતી.



**શ્રમજીવી પરિવારોના બાળકો સાથે દિવાળી પર્વ**

દિવાળી એટલે બાળકોને મન ફટાકડા ફોડવાનો આનંદ. ગાંધીનગરના સર્જન એજયુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દિવાળીની રાત્રે ૮ કલાકે વોર્ડ નં. ૮ના શ્રમજીવી પરિવારોના બાળકોને ફટાકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ફટાકડા મળતા જ ગરીબ બાળકોના ચહેરા પર આંનદ ઉલ્લાસ છવાઈ ગયો હતો. આ પ્રસંગે સર્જન એજયુકેશન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ વિનોદભાઈ મેણાત તથા કોર્પોરેટર પાયલબેન પુત્રી રીતીકા, પુત્ર વિરાજ અને સંસ્થાના સભ્યો મુકેશ મારુ તથા અનિલ ચાવડા વગેરેએ શ્રમજીવી પરિવારોના બાળકો સાથે જ ફટાકડા ફોડી દિવાળીના પર્વને ઉજવ્યું હતું.

# જેસીઆઈ દ્વારા વેકેશનમાં સમાજ ઉપયોગી કાર્યક્રમો હાથ ધરાયા



ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં સેકટર-૬ની આસપાસના શ્રમજીવીઓના બાળકોને જેસીઆઈ ગાંધીનગરના પ્રમુખ ડૉ. પરાગી જે. ગાંધી અને તેમની યુવા ટીમ દ્વારા ૩૫૦ ફુડપેકેટ જેમાં નમકીન અને પારલે બિસ્કીટના પેકેટ ધનતેરસની સવારે તેઓની વચ્ચે જઈને વહેંચીને સેવાકીય પ્રવૃત્તિ દ્વારા પ્રમુખ તરીકેની કામગીરીનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે ઝોન પ્રેસિડન્ટ ડૉ. ભુવન રાવલ, પૂર્વ પ્રમુખો તથા કેતન નિર્મલ, સાત્વિક ત્રિવેદી, કેતન ભાવસાર, સુનિલ ગંગવાણી વગેરેએ ઉપસ્થિત રહીને સભ્યોનો ઉત્સાહ વધાર્યો હતો.

આ પ્રોજેકટને સફળ બનાવવા પ્રોજેકટ ચેરમેન સંજય નાયી અને વિનેશ ચૌહાણે અને કારોબારી સમિતિએ જહેમત ઉઠાવી હતી. દિવાળી વેકેશનના માહોલમાં જેસીરેટ રોનક પંડયા તથા કાજલ વૈષ્ણવ દ્વારા શીતલ પુંજાણીના 'રસોઈ શો'માં ૨૫ જેટલી મહિલાઓએ ભાગ લઈને પૌષ્ટિક વાનગીઓ બનાવવાની તાલીમ લીધી હતી. વેકેશનના સદઉપયોગના ભાગરૂપે કુ. દુર્ગા સુથારના માર્ગદર્શન હેઠળ 'વેસ્ટમાંથી બેસ્ટ' વર્કશોપમાં ૩૦ જેટલા બાળકોએ ભાગ લઈને મજા માણી હતી. કાર્યક્રમને અંતે મંત્રી દિશા વી. દેસાઈ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ જેસીઆઈના સભ્યોનો આભાર માનવામાં આવ્યો હતો.

# ચોરી પકડાઈ જતાં યુવાનનો કેનાલમાં આપઘાત

**નાના ચિલોડા સીએનજી પંપે હેલ્પર તરીકે નોકરી કરતા યુવાને કેબીનમાંથી રૂ. ૩.૬૫ લાખની ચોરી કરીને કેમેરામાં કેદ થઈ ગયો : ડભોડા પોલીસ સ્ટેશનમાં ટોળુ ફરિયાદ કરવા પહોંચ્યુ**

ગાંધીનગર, તા.૫

નાના ચિલોડા ખાતે આવેલા સીએનજી પંપમાં કેબીનમાંથી રૂ. ૩.૬૭ લાખ રોકડની ચોરી કરતા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયેલા હેલ્પર તરીકે કામ કરતા યુવાને ગઈ બપોરે લીંબડીયા નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. આજે સવારે મૃતકના પરિવારજનો ટોળા સાથે ડભોડા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને પેટ્રોલ પંપના માલિકોના પ્રેશર અને ત્રાસને કારણે તેમના દીકરાએ આપઘાત કર્યો હોવાનું કહી તેમની સામે ગુનો દાખલ કરવા હોબાળો કર્યો હતો.

મળતી માહિતી મુજબ નાના ચિલોડા સ્થિત સીએનજી પંપમાં ગઈ કાલે વહેલી સવારે કેબીનનું લોક ચાવીથી ખોલીને અંદરથી રૂ.




૩,૬૬,૨૩૦ની રોકડ રકમની ચોરી થઈ જવા પામી હતી. કેબીનના સીસીટીવી કેમેરા તપાસ્યા તો તેમના પંપે જ હેલ્પર તરીકે કામ કરતા નરોડાના મુકેશ નટવર સોલંકીએ ચોરી કરી હોવાનું કેમેરામાં કેદ થયેલું જોવા મળ્યું હતું. આ મામલે સીએનજી પંપના સંચાલક પુષ્પેન્દ્રસિંહ પવારે પોલીસને જાણ કરી હતી. મુકેશ સોલંકીના ઘરે તપાસ કરતા તિજોરીમાંથી રૂ. ૨,૧૮,૮૦૦ રોકડા મળી આવ્યા હતા. બાકીના રૂપિયા અને કેબીનની ચાવી અંગે પુછતાછ કરતા તેણે લીંબડીયા નજીક જંગલમાં સંતાડયા હોવાનું કહી બધાને ત્યાં લઈને આવ્યો હતો. બાઈક સાઈડમાં લીંબડીયા કેનાલ પાસે ઉભું કરી દઈને મુકેશે કેનાલમાં મોતની છલાંગ લગાવી દીધી હતી. સાંજે તેનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. આ મામલે ડભોડા પોલીસ મથકમાં આજે મૃતકના પરિવારજનો ટોળા સાથે આવી પહોંચ્યા હતા અને પેટ્રોલપંપના સંચાલકો સામે ગુનો નોંધવા હોબાળો કર્યો હતો.

# અક્ષરધામ દીપમાળા : એક અલૌકીક અનુભવ

ગાંધીનગર, તા.૫

સ્વામિનારાયણ અક્ષરધામ ભારતીય કલા, પ્રજ્ઞા, ચિંતન અને મૂલ્યોનું એક અદ્વિતિય પરિસર છે. ભારતીય સંસ્કૃતિના જયોતિર્ધર ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્મૃતિમાં રચાયેલું આ પરિસર એક સમયાતીત સર્જન છે.

પાટનગરનું સુપ્રસિદ્ધ અક્ષરધામ મંદિર દિવાળીના પર્વે દીવાની રોશનીથી ઝગમગી ઉઠયું છે. દર વર્ષે મંદિરમાં દિવાળીએ ૧૦ હજાર દીવા પ્રગટાવવામાં આવે છે. આ વખતે બ્રહ્મલીન પ્રમુખ સ્વામી મહારાજની ૯૫મી જયંતિને ધ્યાનમાં રાખીને મંદિર પરિસરમાં ૯૫૦૦ દીવા પ્રજવલિત કરવામાં આવ્યા છે.

આ દીપમાળાની શરૂઆત ઈ.સ. ૧૯૯૨માં મંદિરના ભવ્ય નિર્માણ પછી દિવાળીમાં કરવામાં આવી હતી. દર વર્ષે અહીં ૧૦ હજાર દીવા પ્રગટાવી એક અનોખું વાતાવરણ સર્જાય છે જેનો હજારો દર્શનાર્થીઓ લાભ લે છે. દીવામાં વપરાતું તેલ એ પ્રેમવતી આહારગૃહમાં વપરાયેલ અને બાકી રહેલા તેલને ગાળીને દીવા પ્રજવલીત કરવામાં આવે છે. આખ વર્ષ દરમિયાન જેટલું પણ ખાદ્ય પ્રેમવતી આહારગૃહમાં વપરાય છે અને તે વેડફાઈ નહીં તેથી આખું વર્ષ એ તેલને સાચવી રાખી દિવાળી આવે ત્યારે તે જ તેલના દીવા મંદિરમાં કરવામાં આવે છે.

આ દીવા પ્રગટાવવામાં ૫૦-૬૦ જેટલા ભાઈ-બહેનો પોતાની સેવા આપે છે અને સાંજના ૫.૩૦ વાગ્યાથી દીવા પ્રગટાવવાનું શરૂ કરે છે અને ૧૫-૨૦ મિનિટમાં સંપૂર્ણ મંદિર પરિસરમાં સુંદર દીપમાળા જોવા મળે છે. દિવાળીના તહેવાર દરમિયાન દિવાળીથી લાભપાંચમ સુધી સાંજના ૬.૩૦ થી ૮.૩૦ દરમિયાન આ દિપમાળાના દર્શનનો લાભ લેવા રોજ ૧૫-૧૭ હજાર શ્રધ્ધાળુઓ આવે છે અને અહીં આવી તેઓ સુખ, શાંતિ અને દિવ્યતાનો અનુભવ કરે છે તેમને પરમાત્માની પ્રાપ્તિનો અહેસાસ થાય છે.

હાલના ટેકનોલોજીના યુગમાં જયારે વીજળી, એલઈડી અને અન્ય ટેકનીકોનો ઉપયોગ કરી રોશની કરવામાં આવે છે ત્યારે આપણી પ્રાચીન પરંપરાને જીવંત રાખી માનવબળની મદદ થકી દીપમાળાઓથી સુશોભિત અક્ષરધામને નિહાળવું એ એક અલૌકીક, નયનરમ્ય અને ચિરસ્મરણીય સ્મૃતિ બની રહે છે.





નૂતન વર્ષે સૌ ગાંધીનગરના સેકટર-૪માં વસાહતી દ્વારા એકત્ર થઈ સમૂહ સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વોર્ડના નગરસેવિકા પાયલબેન મેણાતે પરિવારસહ ઉપસ્થિત રહી સાથે નાસ્તો કરી, મોં મીઠું કરાવી સૌને નૂતનવર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

## ચિરવિદાય

- સ્વ. રમેશભાઈ જીવણલાલ પટેલ, ઉ.વ. ૫૫
- સ્વ. સુમંતીબેન જયંતકુમાર ગાંધી, ઉ.વ. ૭૫
- સ્વ. બેચરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, ઉ.વ. ૬૪
- સ્વ. શાંતાબેન રામાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૦
- સ્વ. વજાજી બળવંતજી ભાટી, ઉ.વ. ૬૬